
# ટેક્સ સ્લેબ યથાવત્ : શ્રીમંતો પર સરચાર્જ

નવી દિલ્હી, તા. ૨૮

જેની ઉત્સુકતાપૂર્વક દેશના લોકો, કારોબારીઓ અને ઉદ્યોગો રાહ જોઈ રહ્યા હતા તે વર્ષ ૨૦૧૩-૧૪ માટેનું સામાન્ય બજેટ નાણાંમંત્રી પી. ચિદમ્બરમ્ રજૂ કર્યું હતું જેમાં ચિદમ્બરમ્ શ્રેણીબદ્ધ નવી જાહેરાતો કરી હતી. સંરક્ષણ સહિત જુદા જુદા ક્ષેત્રો માટે ફાળવણીમાં પણ વધારો કરવાની જાહેરાત કરી હતી. બજેટમાં ટેક્સ સ્લેબમાં કોઈપણ ફેરફાર નહીં કરવાની જાહેરાત કરી હતી. અમિર લોકો પર સરચાર્જ લાગૂ કરવાની જાહેરાત કરી હતી. કરદાતાઓને રાહત ન મળતા આંશિક નિરાશા મળી છે. આ વખતે સામાન્ય બજેટમાં ટેક્સછૂટની મર્યાદાને ૨૦૦૦૦ રૂપિયા વધારવામાં આવી છે. હવે બે લાખ ૨૦ હજાર સુધી આવક વાળા લોકોને કોઈ ટેક્સ આપવાની જરૂર નહીં પડે જ્યારે ૨.૨૦થી પાંચ લાખ સુધીની આવકવાળા લોકોને ૨૦૦૦ રૂપિયાની છુટછાટ આપવામાં આવી છે. હોમલોન પર પણ ચિદમ્બરમે કેટલીક રાહતો આપી છે જેમાં ૨૫ લાખની હોમલોન પર એક લાખની છૂટ આપવામાં આવી છે. પ્રથમ વાર આવાસ ખરીદવા ઈચ્છુક લોકોને હોમલોન પર વધારાની રાહત મળશે. આવકવેરાના સ્લેબ યથાવત રાખવામાં આવ્યા છે. વ્યક્તિગત અને કોર્પોરેટ પર સરચાર્જને લઈને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. નાણામંત્રીએ બજેટ રજુ કરતી વેળા અનેક બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. ડાયરેક્ટ ટેક્સ ઉપર જીડીપી રેશિયોમાં ૫.૫ ટકા ટેક્સની વાત કરવામાં આવી છે. સાથે સાથે ટેક્સ વહીવટી સુધારાપંચની રચના કરવાની જાહેરાત કરાઈ હતી. આ ઉપરાંત માંગણી મુજબ જ ચિદમ્બરમ્ સુપર રીચ લોકો પર ૧૦ ટકા સરચાર્જની જાહેરાત કરી હતી. એક કરોડતી વધુની કમાણી કરતા લોકો ઉપર ૧૦ ટકાનો સરચાર્જ લાગુ થશે. જો કે ૧૦ ટકાનો વધારાનો સરચાર્જ એક વર્ષ માટે લાગુ રહેશે. ચિદમ્બરમ્ મહિલઓ માટે નિર્ભયા ફંડની જાહેરાત કરી હતી. દિલ્હી ગેંગરેપનો શિકાર થયેલી યુવતીને એક અખબાર દ્વારા આપવામાં આવેલા નામ ઉપર નિર્ભયા ફંડની રચના કરાઈ છે. બજેટ રજૂ કરતી વેળા ચિદમ્બરમ્ સૌથી પહેલા દેશના અર્થતંત્રની વાત કરી હતી અને કહ્યું હતું કે દેશ વૈશ્વિક અર્થતંત્રના કારણે મંદીમાંથી પસાર થઈ રહ્યું છે આવી સ્થિતિમાં ખૂબ જ યોગ્ય પગલાં લેવામાં આવી રહ્યા છે. મંદીમાંથી બહાર નીકળવા તમામ પગલાં લેવાઈ રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે વૈશ્વિક મંદીની ભારત ઉપર અસર થઈ છે. પ્રાથમિક નિવેદન બાદ ચિદમ્બરમ્ જુદા જુદા ક્ષેત્રોને ફાળવણી અંગેની વાત કરી હતી જેમાં ચિદમ્બરમ્ આદિવાસી પેટા યોજના માટે ૨૪૫૯૮ કરોડ રૂપિયાની ફાળવણીની જાહેરાત કરી હતી. જ્યારે એસસી પેટા યોજના માટે ૪૧૫૬૧ કરોડની ફાળવણીની જાહેરાત કરી હતી. ચિદમ્બરમ્ ગ્રામીણ વિકાસ મંત્રાલય માટે ૮૦૦૦૦ કરોડની ફાળવણીની જાહેરાત કરી હતી. તેમણે ૧૨મી પંચવર્ષીય યોજનામાં યોજના ખર્ચને સુધારીને ૧૪૩૦૮૨૫ કરોડ કરવાની જાહેરાત કરી હતી. અથવા તો બજેટ ખર્ચના ૯૬ ટકા કરી હતી. તેમણે એસસી અને એસટીની વિદ્યાર્થીનીઓ માટે આપવામાં આવતી સ્કોલરશીપની પણ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે બજેટ ખર્ચ ૧૬૬૫૨૯૭ કરોડ છે જ્યારે યોજના ખર્ચ ૫૫૫૩૨૨ કરોડ રૂપિયા છે. પ્રધાને શિક્ષણ ક્ષેત્ર માટે ૬૫૦૦૦ કરોડની ફાળવણીની જાહેરાત કરી હતી. ૬ એમ્સ જેવી શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીઓની પ્રથમ બેંચને પ્રવેશ આપી ચૂકી છે. ચિદરમ્બરમ્ મધ્યાન ભોજન યોજના માટે પણ ફાળવણીની જાહેરાત કરી હતી. લઘુમતીઓ માટે ૩૫૧૧ કરોડની જાહેરાત કરી હતી. મહિલાઓ અને બાળકોના વિકાસ માટે ૨૦૦ કરોડની જાહેરાત કરી હતી. જ્યારે માનવ સંશાધન માટે ૬૬૦૦૦ કરોડની ફાળવણીની જાહેરાત કરી હતી. મધ્યાહન ભોજન યોજના માટે ૧૩૨૧૫ કરોડની જાહેરાત કરી હતી. આદિવાસી વિકાસ માટે ૨૫૦૦૦ કરોડની જાહેરાત કરી હતી. સ્વચ્છ પાણી માટે ૧૫૦૦૦ કરોડની જાહેરાત કરી હતી. મનરેગા માટે ૩૩૦૦૦ કરોડની જાહેરાત કરી હતી.

આયુર્વેદિક, હોમિયોપેથીક અને યુનાની દવાઓ માટે ૧૬૯ કરોડની જાહેરાત કરી હતી. ઈન્દિરા ગાંધી આવાસ યોજના માટે ૧૫૧૮૪ કરોડની જાહેરાત કરી હતી. છ એમ્સ બનાવવા માટે ૬૫૦૦ કરોડની જાહેરાત કરી હતી. પૂર્વીય રાજ્યો માટે ૧૦૦૦ કરોડની જાહેરાત કરી હતી. ડિસઈન્વેસ્ટમેન્ટમાં વધુ ઝડપી પ્રક્રિયા હાથ ધરવાની પણ વાત કરી હતી. રાજીવ ગાંધી ઈક્વિટી સ્કીમને વધારે ઉદાર બનાવવાની પણ તેમણે જાહેરાત કરી હતી. નાણાંમંત્રીએ ફૂડ સિક્યુરિટી બિલ માટે ૧૦૦૦૦ કરોડના વચનની જાહેરાત કરી હતી. આ ઉપરાંત માર્ગ સેક્ટર માટે રેગ્યુલેટરી ઓથોરિટીની રચના કરવાની પણ તેમને જાહેરાત કરી હતી. ટેક્સ બોઝ અને રિગ્યુલેટરી દહેશતને દૂર કરવાના તેમને પ્રયાસ કર્યા હતા.



### ટેક્સ સ્લેબનું ચિત્ર.....

| વાર્ષિક આવક | ટેક્સના દર (ટકામાં) |
|---|---|
| ૨.૨૦ લાખ રૂપિયા સુધી | શૂન્ય |
| ૨.૨૦થી પાંચ લાખ રૂપિયા સુધી | ૧૦ |
| ૫-૧૦ લાખ રૂપિયા સુધી | ૨૦ |
| ૧૦ લાખ રૂપિયાથી ઉપર | ૩૦ |

### રૂપિયો ક્યાંથી આવશે...

નાણામંત્રી પી ચિદમ્બરમે બજેટ રજુ કરતી વેળા રૂપિયો ક્યાથી આવશે અને ક્યાં જશે તેની રૂપરેખા આપી હતી. રૂપિયા પૈકી સૌથી વધારે આવક ધીરણ અને અન્ય મારફતે ૨૭ પૈસા મળે છે જ્યારે કેન્દ્રિય એક્સાઈઝ ડ્યુટી માટે ૧૧ પૈસા અને કોર્પોરેશન ટેક્સમાંથી ૨૪ પૈસા મળે છે. ઈન્કમટેક્સમાંથી ૧૧ પૈસા મળે છે. રૂપિયો ક્યાંથી આવશે તેની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| ધીરણ અને અન્ય રીતે | ૨૭ પૈસા |
| કોર્પોરેશન ટેક્સ | ૨૪ પૈસા |
| ઈન્કમટેક્સ | ૧૧ પૈસા |
| કેન્દ્રિય એક્સાઈઝ ડ્યુટી | ૧૧ પૈસા |
| કસ્ટમ ડ્યુટી | ૧૦ પૈસા |
| નોન ટેક્સ રેવેન્યુ | ૮ પૈસા |
| સર્વિસ ટેક્સ અને અન્ય ટેક્સ | ૬ પૈસા |
| નોન ડેબ્ટ કેપિટલ રિસિપ્ટ | ૩ પૈસા |
| કુલ | ૧૦૦ પૈસા |

### રૂપિયો ક્યાંથી જશે.....

નાણામંત્રી પી ચિદમ્બરમે બજેટ રજુ કરતી વેળા રૂપિયો ક્યાથી આવશે અને ક્યાં જશે તેની રૂપરેખા આપી હતી. ચિદમ્બરમે કહ્યુ હતુ કે કેન્દ્રિય યોજનામાં સૌથી વધારે ૨૨ પૈસાનો ખર્ચ થાય છે આ ઉપરાંત વ્યાજ ચુકવણીમાં ૧૮ પૈસાનો ખર્ચ થાય છે. ટેક્સ અને ડ્યુટીમાં રાજ્યોનો હિસ્સો પણ ૧૭ પૈસા જેટલો છે. યોજના ખર્ચમાં ૧૧ પૈસા થઈ જાય છે. રૂપિયો ક્યા જશે તેની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| ટેક્સ અને ડ્યુટીમાં રાજ્યોનો હિસ્સો | ૧૭ પૈસા |
| અન્ય બિન યોજના ખર્ચ | ૧૧ પૈસા |
| સબસિડી | ૧૦ પૈસા |
| સંરક્ષણ | ૧૧ પૈસા |
| વ્યાજ ચૂકવણી | ૧૮ પૈસા |
| કેન્દ્રિય યોજના | ૨૨ પૈસા |
| રાજ્યોને અને કેન્દ્ર શાસિત પ્રદેશોને યોજના સહાય | ૭ પૈસા |
| કેન્દ્ર અને રાજ્યોને બિન યોજના સહાય | ૪ પૈસા |
| કુલ | ૧૦૦ પૈસા |

## દેશની પ્રથમ મહિલા બેંક શરૂ કરવા ઘોષણા કરાઈ

નવી દિલ્હી, તા. ૨૮

નાણાંમંત્રી પી. ચિદમ્બરમ્ આજે બજેટ રજૂ કરતી વેળા કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી જે પૈકી એક જાહેરાત ઓલ વુમન બેંકની કરી હતી. દેશની પ્રથમ મહિલા બેંકની જાહેરાત કરતાં ગૃહમાં ઉપસ્થિત લોકોમાં ખુશીનું મોજું ફળી વળ્યું હતું. આ વર્ષમાં જ આ બેંકની સ્થાપના કરવામાં આવશે. આ હેતુ માટે ૧૦૦૦ કરોડની પ્રાથમિક મૂડી રાખવાની જાહેરાત કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૩-૧૪ માટે બજાર દરખાસ્તોની જાહેરાત કરતી વેળા ચિદમ્બરમ્ કહ્યું હતું કે આ બેંક આ વર્ષે ઓક્ટોબર સુધી સ્થાપિત થઈ જશે. જાહેર ક્ષેત્ર તરીકે દેશની પ્રથમ મહિલા બેંક સ્થાપિત કરવાની તેમને ઘોષણા કરી હતી અને આશા વ્યક્ત કરી હતી કે ઓક્ટોબર ૨૦૧૩ સુધી આને બેકીંગ લઈસન્સ મળી જશે. સાથે સાથે જરૂરી મંજૂરી મળી જશે. આ સૂચિત બેંક મહિલાઓને, મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતા કારોબાર માટે અને મહિલા આજીવિકા માટે લોન ઉપલબ્ધ કરાવશે. આમા તમામ મહિલા કર્મચારીઓ કામ કરશે જેથી નાણાંકીય કારોબારમાં મહિલાઓની હિસ્સેદારીને વધારી શકાશે. સાથે સાથે નોકરીની જગ્યાઓએ ઘણાં સ્થળે મહિલાઓ સાથે થતાં સોશનને રોકી શકાશે. છેલ્લા ઘણા સમયથી દેશની પ્રથમ મહિલા બેંક શરૂ કરવાની માંગ કરવામાં આવી રહી હતી.

## સ્માર્ટ ફોનની કિંમતમાં ચારથી પાંચ ટકા વધારો

નવી દિલ્હી, તા. ૨૮

બજેટ રજુ કરવામાં આવ્યા બાદ રાજકીય નિષ્ણાંતોની ગણતરીનો દોર શરૂ થઈ ગયો છે. બજેટમાં જાહેર કરવામાં આવેલી દરખાસ્ત મુજબ સ્માર્ટ ફોનની કિંમતમાં ચારથી પાંચ ટકાનો વધારો થઈ ગયો છે. આ સેગમેન્ટમાં વર્તમાન નાણાંકીય વર્ષમાં એક ટકાની સરખામણીમાં ૨૦૦૦ રૂપિયાથી ઉપરના તમામ ફોન માટે છ ટકા કસ્ટમડ્યુટી લાગુ પડશે. આનો મતલબ એ થયો કે સ્માર્ટ ફોનની કિંમતમાં વધારો થઈ ગયો છે. ઈન્ડિયન સેલ્યુલર એસોશિએશનના રાષ્ટ્રીય પ્રમુખ પંકજ મોહિંદ્રુએ કહ્યુ છે કે લોકોને ૨૦૦૦થી ઉપરના કોઈ પણ મોબાઈલ ફોન માટે ચારથી પાંચ ટકા વધારાની રકમ ખર્ચ કરવી પડશે. આનાથી ગ્રે માર્કેટને પ્રોત્સાહન મળશે. સાથે સાથે ૧૦૦૦૦ રૂપિયાના કોઈ પણ થ્રીજી ફોનની ખરીદીથી લોકોને નુકસાન થશે. આના માટે ૪૦૦થી ૫૦૦ રૂપિયા વધારે ચૂકવવા પડશે. વોડાફોન, આઈડિયા સેલ્યુલર, રિલાયન્સ કોમ્યુનિકેશન જેવા મોબાઈલ ઓપરેટરો તેમના ટેલિકોમ નેટવર્ક પર ઈન્ટરનેટ જેવા મોબાઈલ ઓપરેટરો તેમના ટેલિકોમ નેટવર્ક ઉપર ઈન્ટરનેટ યુઝેસનો વધારો કરવા ઓછી કિંમતના હેન્ડસેટ લોન્ચ કરી રહ્યા છે હજુ સુધી સ્માર્ટ ફોન માટે એન્ટ્રી ફોન આશરે ૩૦૦૦ રૂપિયા છે. ઈન્ડસ્ટ્રીઝ નિષ્ણાંતોનું કહેવું છે કે ડેટા યુઝેસનો વધારો થઈ રહ્યો છે. ડેટા યુઝેસ લો વોઈસ કોલ રેટનો સામનો કરવા માટે જરૂરી છે.

## નાણાંમંત્રી પી. ચિદમ્બરમ્ આજે તેમનું આઠમું સામાન્ય વાર્ષિક બજેટ રજૂ કર્યું


નાણાંમંત્રી પી. ચિદમ્બરમ્ આજે તેમનું આઠમું સામાન્ય વાર્ષિક બજેટ રજૂ કર્યું હતું. ભૂતપૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈ દ્વારા ૧૦ બજેટ રજૂ કરવાના રેકોર્ડ બાદ દેશમાં સૌથી વધુ બજેટ રજૂ કરવાનો રેકોર્ડ પી. ચિદમ્બરમ્ના નામ ઉપર થઈ ગયો છે. એકંદરે ભારતીય ઈતિહાસમાં આ ૮૨મું કેન્દ્રીય બજેટ હતું જેમાં વચગાળાના અને ખાસ પરિસ્થિતિમાં રજૂ થયેલી બજેટ દરખાસ્તોનો સમાવેશ થાય છે.

૨૬મી નવેમ્બર ૧૯૪૭ના દિવસે તત્કાલીન નાણાંમંત્રી આર કે શણમુખમ દ્વારા સ્વતંત્ર ભારતનું પ્રથમ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. ત્યાબાદથી ૮૨ બજેટો રજૂ કરવામાં આવી ચૂક્યા છે. વ્યક્તિગત રીતે તેમનું આઠમી બજેટ રજૂ કરવામાં સફળ રહ્યા હતા જે કોઈપણ નાણાંમંત્રી દ્વારા રેકોર્ડ છે. મોરારજી દેસાઈએ સૌથી વધુ ૧૦ બજેટ રજૂ કર્યા હતા. ત્યારબાદ પ્રણવ મુખરજી, યશવંતસિંહા, વાય ડી ચૌહાણ, સીડી દેશમુખ દ્વારા ભૂતકાળમાં ૭-૭ બજેટ રજૂ કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન મનમોહનસિંહે દેશના નાણાંમંત્રીના ગાળામાં ૬ બજેટ રજૂ કર્યા હતા. જ્યારે ભૂતપૂર્વ નાણામંત્રી ટી ટી કૃષ્ણમચારીએ છ બજેટ રજૂ કર્યા હતા. અન્ય જે લોકો નાણાંમંત્રી તરીકે વધારે બજેટ રજૂ કરવામાં સફળ રહ્યા હતા તેમાં આર વેકંટરામન, એચએમ પટેલનો સમાવેશ થાય છે. આ બંનેએ ત્રણ-ત્રણ બજેટ રજૂ કર્યા હતા.

## બજેટમાં સામાન્ય લોકો માટે કશુ જ નથી : સુષ્મા સ્વરાજ

નવી દિલ્હી, તા. ૨૮

નાણામંત્રી પી ચિદમ્બરમ દ્વારા આજે લોકસભામાં રજુ કરવામાં આવેલા ૨૦૧૩-૧૪ના સામાન્ય બજેટને હાસ્યાસ્પદ અને નિરાશાજનક તરીકે ગણાવીને લોકસભાના વિપક્ષના નેતા સુષ્માસ્વરાજે કહ્યુ હતુ કે



બજેટમા કોઈ પણ દુર્દર્શિતા નથી. સાથે સાથે સામાન્ય રાહત આપવા માટે આમા કોઈ પણ પહેલ કરવામાં આવી નથી. બજેટ અંગે પોતાની પ્રતિક્રિયા આપતા સુષ્મા સ્વરાજે કહ્યુ હતુ કે બજેટમાં કલ્પનાશીલતાનો અભાવ છે. આ ખૂબજ સુસ્ત અને નિરાશાજનક બજેટ છે જેમાં સામાન્ય વ્યક્તિનો ઉલ્લેખ નથી. તેમણે ઉમેર્યુ હતુ કે નાણામંત્રીએ અર્થવ્યવસ્થાની સામે રહેલા પડકારો સાથે પોતાની વાતની શરૂઆત કરી હતી પરંતુ આ પડકારોને પહોંચીવળવા માટે એક પણ નક્કર પગલાની વાત કરી નથી.

તેમણે ઉમેર્યુ હતુ કે બજેટમાં યુવા, મહિલાઓ અને ગરીબો માટે કઈ પણ નથી. તમામને નિરાશા હાથ લાગી છે. રાજ્ય સભામાં વિપક્ષના નેતા અરૂણ જેટલીએ કહ્યુ હતુ કે બજેટમાં ડિસઈન્વેસ્ટમેન્ટ અને કૃષિ ક્ષેત્ર માટે કોઈ પગલાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આર્થિકવિકાસદરને કઈ રીતે આગળ લઈ જવામાં આવશે તેના માટે કોઈ પણ પ્રકારના ઉપાયનો ઉલ્લેખ નથી. સમાજના જે વર્ગોને સૌથી વધારે અપેક્ષા હતી તે લોકો માટે ખૂબ નજીવી ઓફર કરવામાં આવી છે.

## ગ્રામિણ વિકાસ ફાળવણી વધારીને ૮૦,૧૯૪ કરોડ


નવી દિલ્હી, તા. ૨૮

નાણામંત્રી પી ચિદમ્બરમે આજે સંસદમાં બજેટ રજુ કરતી વેળા વર્ષ ૨૦૧૩-૧૪નું સામાન્ય બજેટ રજુ કરતી વેળા કહ્યુ હતુ કે મહત્વપૂર્ણ કાર્યક્રમ લાગુ કરતા ગ્રામીણ વિકાસ મંત્રાલય માટે અંદાજપત્રીય ફાળવણીમાં ઉલ્લેખનીય વધારો કરવામાં આવ્યો છે. પોતાના બજેટ ભાષણમાં નાણામંત્રીએ આ અંગેની જાહેરાત કરી હતી કે વર્ષ ૨૦૧૩-૧૪માં ૮૦૧૯૪ કરોડ રૂપિયા આપવામાં આવશે જ્યારે ૨૦૧૨-૧૩માં ૫૫૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી. આ રીતે ફાળવણીમાં ૪૬ ટકાનો ઉલ્લેખનીય વધારો કરવામાં આવ્યો છે. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ ગેરેન્ટી યોજનાને ૩૩૦૦૦ કરોડ, વડાપ્રધાન ગ્રામસડક યોજનાને ૨૧૭૦૦ કરોડ રૂપિયા અને ઈન્દિરા આવાસ યોજનાને ૧૫૧૮૪ કરોડ રૂપિયા આપવામાં આવનાર છે.

## ધોની ભારતના નંબર ૧ કેપ્ટન બનવાના ઈરાદા સાથે ઉતરશે

હૈદરાબાદ, તા. ૨૮

ઓસ્ટ્રેલિયાને ચેન્નાઈમાં પ્રથમ ટેસ્ટ મેચમાં કારમી હાર આપ્યા બાદ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની બીજી માર્ચથી શરૂ થઈ રહેલી રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડીયમ ખાતેની બીજી ટેસ્ટ મેચમાં દેશના નંબર વન કેપ્ટન બનવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. ધોની પોતાની યશ કલગીમાં વધુ એક મોર પીછું ઉમેરવા જઈ રહ્યો છે. ધોનીની ૨૨૪ રનની કેપ્ટન ઈનિંગ્સના પરિણામ સ્વરૂપે ભારતે ઓસ્ટ્રેલિયાને પ્રથમ ટેસ્ટ મેચમાં આઠ વિકેટે હાર આપી હતી અને ઓસ્ટ્રેલિયા સામે હજુ સુધીની સૌથી મોટી જીત મેળવી લીધી હતી. આ જીતની સાથે જ ધોની ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીના ૨૧ ટેસ્ટ જીતવાના ભારતીય રેકોર્ડની પણ બરોબરી કરી લીધી હતી. નસીબમાં પણ સૌથી આગળ રહેલા હૈદરાબાદમાં પણ જો ઓસ્ટ્રેલિયા સામે જીતવામાં ભારત સફળ રહેશે તો ધોની દેશ તરફથી કેપ્ટન



તરીકે સૌથી વધારે સિદ્ધિ મેળવાનાર ખેલાડી બની જશે. ધોનીએ ૪૪ ટેસ્ટ મેચોમાં ૨૧મા જીત મેળવી છે. જ્યારે ગાંગુલીએ ૪૯ ટેસ્ટ મેચોમાં ૨૧માં જીત મેળવી છે. ૧૫ ટેસ્ટ મેચો ડ્રો રહી છે અને ૧૧માં હારનો સામનો કરવો પડ્યો છે. હૈદરાબાદની જીત ધોની માટે સોને પર સુહાગાનું કામ કરી શકે છે. કારણ કે આની સાથે જ ભારત શ્રેણીમાં ૨-૦થી લીડ મેળવી લેશે. જો કે ઓસ્ટ્રેલિયા પ્રથમ ટેસ્ટ મેચમાં હાર ખાધ્યા બાદ શાનદાર વાપસી કરી શકે છે. ભારતની સામે ઈંગ્લેન્ડ સામે અગાઉની શ્રેણીનો ઈતિહાસ વધારે દૂર નથી. કારણ કે ભારતે અમદાવાદમાં ઈંગ્લેન્ડ સામે પ્રથમ ટેસ્ટ મેચ જીતી હતી. ત્યારબાદ ઈંગ્લેન્ડે મુંબઈ અને કોલકાતામાં બે ટેસ્ટ મેચ જીતી લીધા હતા અને શ્રેણી જીતી લીધી હતી. ઈંગ્લેન્ડે ૨૮ વર્ષના લાંબાગાળા બાદ ભારતની જમીન ઉપર ભારતને હાર આપવામાં સફળતા મેળવી લીધી હતી. આ વખતે ધોની સાવધાન થયેલો છે. ધોની આ શ્રેણીની બાકી ત્રણ ટેસ્ટ મેચોમાં કેપ્ટનશીપ કરીને સૌથી વધારે ટેસ્ટ મેચમાં કેપ્ટન કરનાર ખેલાડી પણ બની જશે. અઝરુદ્દીન અને સુનિલ ગાવસ્કરે ૪૭-૪૭ ટેસ્ટ મેચોમાં ભારતનું નેતૃત્વ કર્યુ હતું. જ્યારે ગાંગુલીએ ૪૯ ટેસ્ટ મેચોમાં ભારતની કેપ્ટનશીપ કરી હતી. માહીની કેપ્ટનશીપમાં સફળતા હાલમાં ગાંગુલી કરતા વધારે સારી છે. ધોનીની સફળતાની ટકાવારી ૪૭.૭૨ની છે. જ્યારે ગાંગુલીની સફળતાની ટકાવારી ૪૨.૮૫ની છે. વર્ષ ૨૦૦૮માં ભારતની કેપ્ટનશીપ સંભાળનાર ધોનીએ પોતાની કેપ્ટન તરીકેની કેરિયરમાં ભારતને ટેસ્ટ રેન્કીંગમાં નંબર વન સુધી પહોંચાડવામાં ભૂમિકા ભજવી છે. હૈદરાબાદમાં તેની પાસે વધુ તક રહેલી છે. તે દેશનો સૌથી સફળ કેપ્ટન બની જશે. હાલમાં તે બેવડી સદી બાદ બેટ્સમેનોની રેન્કીંગમાં ટોપ ૨૦ બેટ્સમેનોની યાદીમાં આવી ગયો છે.

## લક્ઝરી વાહનો ઉપર ૧૦૦ ટકા આયાત ડ્યુટી લાગુ થઈ

નવી દિલ્હી, તા. ૨૮

સ્પોર્ટ્સ યુટીલીટી વિકલ્પ (એસયુવી) ઉપર એક્સાઈઝ ડ્યુટીને વધારીને ૩૦ ટકા કરી દીધી છે. જ્યારે સુપર બાઈક સહિત તમામ લક્ઝરી વાહનો પર હવે ૧૦૦ ટકા આયાત ડ્યુટી લાગુ પડશે. આનો મતલબ એ થયો કે આ પ્રકારના વાહનો વધારે મોંઘા થશે. એસયુવીને વધારે સારા અને મોટા માર્ગોની જરૂર પડે છે. સાથે સાથે આ પ્રકારના વાહનોને પાર્કિંગ માટે પણ વધારે જગ્યાની જરૂર પડે છે જેથી આ પ્રકારના વાહનો પર ઊંચા ટેક્સ લાગુ કરવાની જરૂર દેખાઈ રહી હતી. આ જ કારણસર એસયુવી ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો છે. નાણાંમંત્રી પી. ચિદમ્બરમે બજેટ રજૂ કરતી વેળા એક્સાઈઝ ડ્યુટી માટેની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે એસયુવી ઉપર એક્સાઈઝ ડ્યુટી ૨૭ ટકાથી વધારીને ૩૦ ટકા કરવામાં આવી રહી છે. જો કે આ વધારો ટેક્સી તરીકે નોંધાયેલા એસયુવી ઉપર લાગુ પડશે નહીં. બજેટ દરખાસ્તો રજૂ કરતી વેળા તેમણે કહ્યું હતું કે ભારતમાં અમીર લોકો આ પ્રકારના આયાત કરવામાં આવતી મોંઘી ગાડીઓનો ઉપયોગ કરે છે જેમાં હાઈ એન્ડ મોટર વાહનો, મોટર સાઈકલ, યાચ અને આવા જ અન્ય વાહનોનો સમાવેશ થાય છે. તેમને આશા વ્યક્ત કરી હતી કે આ પ્રકારના વાહનો ઉપર વધારે ડ્યુટી લાગુ કરવાથી થોડાક વધુ ટેક્સ ચૂકવવાના અમીર લોકોને વધારે તકલીફ થશે નહીં જેથી આ પ્રકારના વાહનો ઉપર ડ્યુટી ૭૫ ટકાથી વધારીને ૧૦૦ ટકા કરવામાં આવી રહી છે.

### કોફી હાઉસ (પાના નં. ૪ નું ચાલુ)

મોહનસિંઘે પોતાનાં સ્ટાફને ઘટના સ્થળ પર જ રહેવા જણાવ્યું અને પોતે બીજી એક દુકાન પર તપાસ ચલાવવાની છે એમ કહી બહાર ઉભેલી બસમાં ચડી ગયો.

◆◆◆

કંઇક અજુગતું બન્યાનાં સમાચાર સાંભળીને ક્રાઇમ બ્રાન્ચનાં અફસર અરવિંદ ઇનામદાર પોલીસ ટીમ સાથે ઘટના સ્થળે પહોંચ્યા અને હજી પેલાં ૨૬ જણાંની ટીમ હજી પણ દુકાન પર મૌજૂદ હતી. આ તમામ ઘટનાક્રમમાં ફક્ત એક જ માણસ ગેરહાજર હતો અને તે એટલે તેમનો લીડર "મોહન સિંઘ"

◆◆◆

પોલીસ તપાસ ચાલી. પાછળથી ખબર પડી કે બસ સાથે મોહન સિંઘ તાજ હોટેલ પહોંચયો અને ત્યાંથી તેણે એક ટેક્સી કરી અને ત્યારબાદ એક રીક્ષા પકડી... અને ત્યારબાદની ઘટના કે પુરાવાની એક નાનકડી કડી પણ મળી નથી. અરવિંદ ઇનામદાર ૨૦૦૦ માં મહારાષ્ટ્ર ડી.જી.પી. તરીકે નિવૃત્ત થઇ ગયા.

◆◆◆

...અને મોહન સિંઘનો આજ સુધી કોઇ પત્તો લાગ્યો નથી.

◆◆◆

આ એ ઘટના છે જેણે હાલમાં રિલીઝ થયેલી ફિલ્મ "સ્પેશ્યિલ ૨૬" ને પ્રેરણાં આપી.

◆◆◆

હાદસો કે શહર મેં એક ઔર હાદસા

◆◆◆

- ch9723367947@yahoo.com

### ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

પ્રશ્ન - લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ વિનર ફતેસિંહ રાઠોડ કયા નામે ઓળખાય છે?

જવાબ - ટાઈગરમેન

(૪) પરમાર મલ્લિકા એસ : સે-૨૪થી

પ્રશ્ન - ભારતના કયા રાજયમાંથી પોટિનમ પુષ્કળ પ્રમાણમાં મળી આવ્યું છે?

જવાબ - કર્ણાટક

(૫) તન્ના વિશાળ કે : સે-૨૮થી

પ્રશ્ન - એન્ડોન સલ્ફાને' એ શું છે?

જવાબ - જંતુનાશક દવા

● આ સપ્તાહનો સવાલ...?

ભારતના હાલના રેલ્વે પ્રધાન કોણ છે?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

● સાચા જવાબો :-

[illegible]

### સમાચાર ઝલક

- ઉત્તર ગુજરાતને રેલ્વે બજેટમાં માત્ર એક ટ્રેનની સગવડ મળી !!
- ખાંડની કિંમતને અંકુશ મુક્ત કરાય તેવી શક્યતા.
- જાણીતા ઉદ્યોગપતિ મુકેશભાઇ ધીરૂભાઇ અંબાણીને ત્રાસવાદી ધમકી.
- દિલ્હી શહેર ભારતમાં સૌથી બિનસુરક્ષિત મેટ્રો સીટી.
- રાત્રે ઠંડક દિવસે ગરમી મિશ્ર ઋતુનું અહેસાસ.
- ચારધામ યાત્રા ૧૨% મોંઘી બની છે.
- સાઇબર ક્રાઇમમાં બેન્કોએ રૂા. ૧૩૦ કરોડ ગુમાવ્યા.
- રૂા. ૫૦,૦૦૦/- ની વધુ ખરીદી કરનાર સોનાના ગ્રાહકો પુરાવા લેવાના કાયદાથી ઝવેરીઓ પરેશાન.
- ગોવા સરકાર તેના વિદ્યાર્થીઓને માત્ર રૂા. ૨૫માં ટેબલેટ આપશે.
- રશિયામાં ૨૩ ગામોમાં મહિલા વિનાના !!
- અસ્થમા સહિતના શ્વાસના દર્દો સામે સુરક્ષા આપતું ફિલ્ટર તૈયાર.
- રાજયમાં નવી ૧૩ માધ્યમિક શાળાઓને શિક્ષણ બોર્ડની મંજુરી.
- એથેન્સની જેલમાં ભાગવા ખુદ કેદીઓએ મંગાવ્યું હેલીકોપ્ટર ?
- સિગારેટ, હીરા, વિદેશી બાઇક, મોબાઇલ મોંઘા થશે.
- નાના ખેડૂતો વ્યાજ માફી લોન ચાલુ રહેશે.
- મહિલા અને વડીલો માટે બજેટમાં કોઇ જાહેરાત થઇ નથી.
- રામગોપાલ વર્માને કુબેર બોટ અંગે પોરબંદરવાસીઓએ નોટિસ ફટકારી.
- પાકિસ્તાન સુપ્રીમકોર્ટ પાકિસ્તાનના કેટલાક નેતાઓને સંપત્તિ જાહેર કરવા આદેશ કર્યો.